R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૮મું

VOLUME : 02 • ISSUE : 23 • PAGES : 24 • MUMBAI • DATE : 5TH OCTOBER 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

સુથરી મહાતીર્થે चातुर्मास ૨૦૭૮ અહેવાલ

# શ્રી સુથરી જૈન સંઘ

વહીવટી કાર્યાલય: C/o ધરમશી સિક્યુરીટીઝ પ્રા. લિમિટેડ,
218, મેરેથોન મોન્ટે પ્લાઝા, મદન મોહન માલવીયા રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ - 400 080.
સંપર્ક નં. 9833585280 ઇ-મેલ: vrlodaya@gmail.com
તીર્થ પેઢી: સુથરી-કચ્છ, તા. અબડાસા (ગુજરાત)-370490. મો. 9726213827

## ચાતુર્માસ શુભારંભ થી પર્યુષણ મહાપર્વ દરમ્યાન થયેલ વિવિધ પ્રસંગોપાત
## ચાતર્માસ - પર્યુષણ મહાપર્વની આછેરી ઝલકો


સોનથરી તીર્થમંડન ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદા


પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ


શ્રી પાર્શ્વનાથ દાદા પૂજન


શ્રી પાર્શ્વનાથ પૂજનમાં શ્રી ડોલરભાઇ લોડાયા


શ્રી પાર્શ્વનાથ પૂજનમાં શ્રી ગુલાબભાઇ છેડા


શ્રી પાર્શ્વનાથ પૂજનમાં શ્રી મહેન્દ્રભાઇ પીર


શ્રી સ્નાત્ર પૂજા


શ્રી પાર્શ્વનાથ પૂજનમાં શ્રી ચેતનભાઇ મોમાયા


કલ્પસૂત્ર પધરાવનાર લાભાર્થી પરિવાર


શ્રાવક વૃંદ


શ્રાવિકા વૃંદ


શ્રી ગુરૂપૂજનના લાભાર્થી પરિવાર

# શ્રી સુથરી જૈન સંઘ



પ્રભુજીના પારણાના લાભાર્થી પરિવાર



કલ્પવૃક્ષ - પ્રભુજીનું પારણું



શાલિભદ્રજીની પેટી શ્રી સંઘને અર્પણ



પ્રભુજીને પોખણાં વિધિ



શાલિભદ્રજીની પેટી



શાલિભદ્રજીની પેટી



બીજના સ્વપ્ન પધરાવનાર લાભાર્થી પરિવાર



શ્રી ચક્રેશ્વરી માતાજી અને શ્રી મહાકાળી માતાજીની ચૂંદડીના લાભાર્થી



શ્રી ચક્રેશ્વરી માતાજી અને શ્રી મહાકાળી માતાજીની ચૂંદડીના લાભાર્થી





પ્રગટપ્રભાવી, શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની પ્રતિમાજીના સ્વપ્નદ્રષ્ટા સાયલા પરિવારજનો



શ્રી ભક્તામર સ્તોત્રના લક્કી ડ્રો વિજેતા



પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.



માસક્ષમણના તપસ્વીનું પારણું



તપસ્વીનું બહુમાન

તંત્રી સ્થાનેથી

# ગ્રીન ગોલ્ડ યુનિટ સ્કીમ-૨નું સેટલમેન્ટ ક્યારે થશે?



- ડૉ. હીરાચંદ દંડ

પ્રતિ,

તંત્રીશ્રી હીરાચંદભાઈ દંડ, પ્રકાશ સમીક્ષા, મુંબઈ.

**બાબત : મે. હીરામણી એગ્રો પ્લાન્ટેશન પ્રા. લિ.ની ગ્રીન ગોલ્ડ યુનિટ સ્કીમમાં થયેલ રોકાણ બાબત**

જય જિનેન્દ્ર,

હાલમાં શ્રી દ.ભા.ક.દ.ઓ. એકમની કલ્પવૃક્ષ યોજના બાબતે પ્રકાશ સમીક્ષાના માધ્યમે સારી જાગૃતતા આવેલ છે. હવે લોકોને તેમના હક્કના તથા મહેનતના પૈસા મળશે એવું લાગી રહ્યું છે. આ યોજના જેવી એક અન્ય યોજના જેમાં પણ ઘણા જ્ઞાતિજનોની મુડી રોકાયેલ છે તે બાબતે ધ્યાન ખેંચવા આ પત્ર લખેલ છે.

અમે નવે. ૧૯૯૫ના મે. હીરામણી એગ્રો પ્લાન્ટેશન પ્રા. લિ.ની ગ્રીન ગોલ્ડ યુનિટ સ્કીમ-૨માં મુડી રોકાણ કરેલ. તેમાં અમારા પૈસામાંથી સાગનું વાવેતર કરીને એક માતબર રકમ બધાને મળશે તેમ જણાવેલ. અમારા રોકાણ સામે ૧૫ વર્ષ બાદ મોટી રકમ મળવાપાત્ર છે. રોકાણની અવધી પુરી થયા બાદ થોડો સમય રાહ જોયા બાદ માર્ચ ૨૦૧૧માં કંપનીના જોઈન્ટ એમ.ડી. (અને સર્વેસર્વા) નરેન્દ્રભાઈ શામજી શાહ (દંડ)ને કંપનીની રજી. ઓફિસે (જે એમની પર્સનલ ઓફિસ પણ હતી) પત્ર મોકલાવેલ, પરંતુ આજ પર્યંત લેખિતમાં કોઈ જવાબ નથી આવ્યો. તેની વચ્ચે અન્ય વડીલો રાયચંદભાઈ (RR) તથા રમેશભાઈ નારાણજી દંડ (જેમની સાથે મને સારા સંબંધો રહ્યા)ની સલાહ હતી કે કોઇ કાયદેસર કાર્યવાહી ન કરવી અને તેઓ પાસેથી વાતચીતથી આનો નિવેડો લાવશે એવી ધરપત અપાતા આટલા વર્ષ વહી ગયા અમે કોઇ પગલા ભરેલ નથી. હવે અમને લાગે છે કે અમારી આ ભલમનસાઇનો ખોટો ફાયદો તેઓ ઉપાડી રહ્યા છે.

વચ્ચે એકવાર શ્રી નરેન્દ્રભાઈ (જોઈન્ટ એમ.ડી.) તરફથી અમને ફોન આવેલ અને તેમણે ખૂબ નાની રકમ આપવાની વાત કરતા અમે તેને નામંજુર કરેલ. ત્યારબાદ વર્ષ ૨૦૧૭ સુધી ઘણી વખત પત્ર લખેલ પણ કોઇ જવાબ આવેલ નથી.

જ્ઞાતિની સંસ્થાઓનો ઉપયોગ કરીને જ્ઞાતિજનોના પૈસા ભેગા કર્યા બાદ બધાની ઉપેક્ષા કરનારની જ્ઞાતિને જાણ થવી જોઇએ એવી ભાવના સાથે અમે આપને આ પત્ર લખી રહ્યા છીએ. આ સ્કીમમાં આપણા જ્ઞાતિબંધુઓ બેંકર તરીકે, કૉ.સ્પોન્સર તરીકે, પ્રમોટર તરીકે, ડાયરેક્ટર તરીકે અથવા એડવાઇઝરી કમિટીના સભ્ય તરીકે સંડોવાયેલ છે, તેથી આપ જ્ઞાતિના મુખપત્ર દ્વારા તેમને અપિલ કરીને સમજાવો જેથી અમારે ન ઇચ્છતા પણ કોઇ કાયદેસર કાર્યવાહી કરવી ન પડે.

**લિ. નવીન પટેલ (વડોદરા)**

---

*ઉપરોક્ત પત્ર શ્રી નવીન હીરાચંદ નાગડા (પટેલ), સાંધાણ-વડોદરા તરફથી મળ્યો છે. હિરામણી એગ્રો પ્લાન્ટેશનની ગોલ્ડ યુનિટ સ્કીમ-૨માં તેમના રોકાણ માટે આપણા જ્ઞાતિજનોને જે સમસ્યાઓનો સામનો કરવો પડે છે તેના વિશે આ પત્ર ખૂબ જ સ્પષ્ટ છે.*

*આપણી જ્ઞાતિના સભ્યો સમયાંતરે ઘણી રોકાણ યોજનાઓ લાવ્યા છે અને આ કહેવાતા નેતાઓને માનીને ક.દ.ઓ. જ્ઞાતિના સભ્યોએ તેમની મહેનતની કમાણીનું રોકાણ કર્યું છે. અંતે તેઓએ નાણાં ગુમાવ્યા છે. અને જ્ઞાતિના નેતાઓમાં વિશ્વાસ પણ ગુમાવ્યો છે. કોઇપણ યોજનાને સફળતા મળે કે નિષ્ફળતા પરંતુ તે અંગેની પારદર્શક માહિતી જ્ઞાતિજનોને મળવી જ જોઇએ. આ યોગ્ય સમય છે કે આવી યોજનાઓના નિરાકરણ માટે પગલાં લેવા જોઇએ અને જ્ઞાતિના સભ્યોને યોગ્ય વળતર સાથે તેમના નાણાં પાછા મળવા જોઇએ.*

*હીરામણી એગ્રો પ્લાન્ટેશન પ્રાઈવેટ લિમિટેડની યોજના ૧૯૯૪/૯૫માં શરૂ કરવામાં આવી હતી અને તેને શ્રી કચ્છી દસા ઓસવાલ જૈન કચ્છ એકમ (ગુજરાત) ના પ્રમુખ દ્વારા ટેકો મળ્યો હતો. કચ્છ એકમના પ્રમુખશ્રીએ જ્ઞાતિજનોને આ યોજનામાં રોકાણ કરવા અપીલ કરી હતી. અને કચ્છ એકમ સહ આયોજક પણ છે. મૂળ પ્રમોટર્સ શ્રી પીયૂષ કે. દંડ, નરેન્દ્ર શામજી દંડ (શાહ), શ્રી મણિલાલ ટી. ધરમશી*

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના　　ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા　　કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના　　પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા　　શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા　　કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા

**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**

**વૉલ્યુમ : ૦૨, અંક : ૨૩, તા. ૦૫-૧૦-૨૦૨૨**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**

**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

*અને કીર્તિકુમાર કે. દંડ હતા. મોટાભાગના પ્રમોટરોએ કૃષિ વ્યવસાયની જાણકારી હોવાનો દાવો કર્યો છે. અને આ એકમના હોદ્દેદારો સહ પ્રાયોજક છે. અને આપણા ઘણા ક.દ.ઓ. ભાઈઓ અને બહેનોએ આ યોજનામાં તેમની મહેનતની કમાણીનું રોકાણ કર્યું છે.*

*પ્રમોટરો, ડાયરેક્ટરો અને કચ્છ એકમે જાહેરમાં તમામ માહિતી સાથે આગળ આવવું જોઈએ અને જે લોકો તેમને વિશ્વાસથી માનતા હતા તેમના હિસાબની પતાવટ કરવી જોઈએ. આ યોજનાની સંપૂર્ણ જવાબદારી કચ્છ એકમની છે એટલે કચ્છ એકમના વર્તમાન પદાધિકારીઓની ફરજ છે કે તેઓ આગળ આવીને તેમની જવાબદારીઓનું પાલન કરી સમસ્યાનું સમાધાન કરે. નહિંતર લોકોનો એકમ અને મહાજનોમાંનો વિશ્વાસ ઉઠી જશે.*

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સાંધવ

**સાંધવ નગરે ત્રિહાન્હિકા ધજા મહોત્સવે સસ્નેહ નિમંત્રણમ્**

સાંધવ નગરે શ્રી શાંતિનાથદાદાની શીતલ છાયામાં શાંતિનાથ જિનાલયની ૧૫૭મી ધ્વજારોહણ પ્રસંગે, સંવત ૨૦૭૯ મહાસુદ-૧૩, **તા. ૨.૨.૨૦૨૩**ને ગુરૂવારના આયોજીત ધ્વજારોહણ પ્રસંગે **તા. ૩૧.૧.૨૦૨૩ થી તા. ૨.૨.૨૦૨૩**, મહાસુદ-૧૧થી મહાસુદ-૧૩ દરમ્યાન ત્રિહાન્હિકા મહોત્સવનું સુંદર આયોજન મહાજન શ્રી દ્વારા કરવામાં આવેલ છે. ધ્વજારોહણ ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે સૌ સાંધવવાસીઓ અને નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ. ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે સાંધવ ગામે પધારનાર ભાવિકોની બધી વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા કરવામાં આવશે. તા. ૩૦.૧.૨૦૨૩ના મુંબઈથી જવાની તથા તા. ૨.૨.૨૦૨૩ના મુંબઈ પરત આવવાની ટીકીટની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે.

**લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સાંધવ વતીથી**

**શ્રી શામજી નરશી દંડ-પ્રમુખશ્રી**

**સોનલ આર્ટ થાણા**

**શાંતીભાઈ મો.નં.: ૯૯૬૭૮ ૪૧૭૯૨**

તમારી જુની સાચી જરીની સાડી, ચણીયા ચોળી, જરીક્યારા સાચી જરીના સેલા, સાડી, કસબ બટકસબની સારા ભાવે વેચી આપશું. અને તૈયાર સાડીઓ, કસબ, બટકસબ, મોચી ટાંકો, પારસી, પીટા સાડી અને ચણીયા ચોળી તૈયાર મળશે.



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

ભાગ - ૧૯

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

## ''જીવનની અનોખી પાઠશાળા...''



શ્રી ''અધા''ને અર્પણ કરાયેલ 'સ્મૃતિ ચિહ્ન'

ચલતે ચલતેની શૃંખલા પ્ર.સા.ના ડિસેમ્બર-૨૦૨૧નાં અંકથી શરુ કરી ત્યારે આશા હતી કે ''ઘડિયાલ ગોદીથી માંડવીની સફર''ની જેમ આ શૃંખલા પણ સિલ્વર જ્યુબીલી કરશે. પણ મારી શ્રદ્ધાનો દિપક ડગુમગુ થવા માંડ્યો છે. જેની શક્યતા માટેના કારણો નીચે પ્રમાણે છે.

(૧) ''માંડવીની સફર'' એક બાળપણમાં બનેલી સત્ય ઘટનાઓ હતી, તેમાં થોડાક કલ્પનાનાં રંગો ભરી ''ટેકનીકલર બનાવી હતી. (૨) ''માંડવીની સફર'' સાથે પ્ર.સા.નાં ૫૦ થી ૬૦ વર્ષની ઉપરનાં વાચકો જોડાયેલા હતાં. જેમની પાસે પણ આ સફરનાં મીઠાં સંભારણા હતા.

ઉપરોક્તની સામે ''ચલતે ચલતે''માં આપણી જ જ્ઞાતિના કેટલાક ઉત્કૃષ્ટ કલાકારો જેમની આભાનો કોઈ કારણસર જ્ઞાતિમાં યોગ્યકદર કે પરિચય નથી થયો તેમને ઉજાગર કરવાનો હતો. પણ અફસોસ ઘણી વ્યક્તિઓએ સંપર્ક નહીં સાધ્યો, કેટલાકે તેમની માહિતીને મદદરૂપ ફોટા નહીં મોકલ્યા અને તેથી ''ચલતે ચલતે''માં કેટલાક મારા ''સંભારણા'' પ્રસ્તુત કરી વિદાય લેવા ઈચ્છું છું.

જિંદગીમાં બાળપણથી કકો-બારાખડી ઘુંટતા (પાટી-પેન સાથે) બાલમંદિરમાંથી આપણે સૌ પસાર થયા છીએ. અમારા એ વખતમાં (ઈ.સ. ૧૯૪૮થી ૧૯૫૫) કચ્છની શાળામાં એક માસ્તર ત્રણ-ત્રણ કલાસને સાથે ભણાવતાં. વિષયો પણ ધો.-૧ થી ૪માં બહુ ઓછા હતા. પણ છેલ્લો એકથી ડોઢ કલાકનો પીરીયડ ''પલાખાં''નો રહેતો.

''પલાખાં'' શબ્દ આજની યુવાપેઢીને સમજાવવો પડશે. પલાખાં એટલે આંકનાં ઘડિયાનો પઠન. તે વખતમાં ૧x૧=૧ થી ૩૧x૧=૩૧ સુધીનાં ઘડિયા તેમજ એક પા, પાથી કરી એક ઉઠાં (૩.૫=સાડાત્રણ) સુધીનાં અંકગણિતનાં આંકનાં પાડા યાદ રાખવા પડતા.

આમ જેમ-તેમ ભણતર પુરું કરી લોકો ''કાં તો કપાસની લાઈનમાં, કાં તો કોઈ ટ્રાન્સપોર્ટરની ઓફિસમાં રસીદ બનાવવા'' બેસી જતાં અને જીવનની ગાડી ધીમી રફતારે ચાલતી રહેતી.

મારા જીવનનાં મધ્યકાળનાં એટલે કે લગભગ ઈ.સ. ૧૯૯૧ની આસપાસ (૪૭ વર્ષ)ની ઉંમરે એક અનોખી પાઠશાળામાં જોડાવવાનું આમંત્રણ મળ્યું આમ તો ત્યાં સુધી જીંદગીની ''એરણ'' ઉપર અનુભવોની થપાટ ખાઈ-ખાઈ થોડોક ઘડ઼ાઈ ગયો હતો, પણ જિંદગીમાં જે શાળામાં ભણવા ના મળ્યું તે આ પાઠશાળામાં ભણવા મળ્યું. પાઠશાળાનો એક અર્થ શબ્દકોશમાં સંસ્કૃત શિખવાની શાળા આપેલ છે. આ પાઠશાળામાં સંસ્કૃત તો ન શીખી શક્યો પણ ભારતીય સંસ્કૃતિ અને સફળ જીવન જીવવાનાં કેટલાક ગુણોને આત્મસાધ્ કર્યા.

આ પાઠશાળાનાં મુખ્ય શિક્ષક હતા શ્રી ક.દ.ઓ. જ્ઞાતિનાં કચ્છ રત્ન સ્વ. શેઠ શ્રી નરશી જેઠાભાઈ દંડ (અધા) અને શ્રી મહારાષ્ટ્ર એકમ-મલકાપુરની શાળાનાં મારા અન્ય શિક્ષકો હતા સ્વ. શ્રી તિલોકચંદભાઈ, સ્વ. શ્રી પ્રવિણભાઈ અને ગં.સ્વ. શ્રીમતી ભારતીબેન દંડ.

વર્ષ ૧૯૯૨ થી વર્ષ ૨૦૦૦ સુધી સતત ૮ વર્ષ સુધી ''બાપા''ની છત્રછાયા અને સમસ્ત મલકાપુરનાં ક.દ.ઓ. જ્ઞાતિજનો સાથે ''યુવાશક્તિ'' માટે કાર્ય કરવાનો મને જે મોકો મળ્યો તેને હું મારું સૌભાગ્ય સમજું છું.

ઘણા બધાં ખાટા-મીઠાં સંભારણા છે, પણ તેમાંથી કેટલાક ખાસ સંભારણાંને ચુંટી એક સરસ મજાનો ગુલદસ્તો બનાવી ''ચલતે ચલતે''નાં વાંચકોને અર્પણ કરવાનો છે, પણ તે માટે થોડી રાહ તો જોવી જ પડશે ને... ????

(વધુ આવતાં અંકે...)




યુથ વિઝનના સંચાલક
સોમ ધરમશી

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). સમય સોનાથી પણ વધુ મુલ્યવાન છે.


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

સુથરી મહાતીર્થે ચાતુર્માસ ૨૦૭૮ અહેવાલ

# શ્રી સુથરી જૈન સંઘ

વહીવટી કાર્યાલય: C/o ધરમશી સિક્યુરીટીઝ પ્રા. લિમિટેડ,
218, મેરેથોન મોન્ટે પ્લાઝા, મદન મોહન માલવીયા રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ - 400 080.
સંપર્ક નં. 9833585280 ઇ-મેલ: vrlodaya@gmail.com
તીર્થ પેઢી: સુથરી-કચ્છ, તા. અબડાસા (ગુજરાત)-370490. મો. 9726213827

દર વર્ષે એક ચાતુર્માસ પૂર્ણ થતાં, ચાતુર્માસના વીતેલા દિવસો દરમ્યાન થયેલ વિવિધ અનુષ્ઠાનો, તપ-જપ-આરાધના તથા પૂજયશ્રીઓ દ્વારા શ્રવણ કરેલ શ્રી વીરની વાણી વાગોળતાં તેમજ અગામી ચાતુર્માસમાં અચલગચ્છાધિપતિશ્રી ક્યા મહાત્માને શ્રી સંઘ માટે ચાતુર્માસ આજ્ઞા પ્રદાન કરશે તેની અવિરત રાહ જોતાં વિક્રમ સંવત ૨૦૭૮ ચાતુર્માસ માટે સાહિત્ય સમ્રાટ્, રાજસ્થાન દક્ષિણ દીપક, પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાશિષે તેમના જ શિષ્ય મધુરકંઠી, પ. પૂ. મુનિરાજ **શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.**ને ચાતુર્માસ સ્થિરતા માટે સુથરી મહાતીર્થની આજ્ઞા પ્રાપ્ત થઇ હતી. શ્રી દેઢિયા તીર્થે ૯૯ યાત્રા દરમ્યાન પૂજ્યશ્રી અચલગચ્છાધિપતિશ્રીની ઉપસ્થિતિમાં ચાતુર્માસ આજ્ઞાપત્ર પ. પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.ની હાજરી તેમજ ઉપસ્થિત મહાત્માઓ, આરાધકો તથા આમંત્રિત નગરજનો સમક્ષ ચાતુર્માસની જય બોલાવી. ચાતુર્માસ પ્રવેશ શુક્રવાર, તા. ૦૮.૦૭.૨૦૨૨ ઘોષિત કરવામાં આવતાં સર્વે ગામવાસીઓના અંતરમાં હર્ષોલ્લાસની લાગણીઓના પૂર ઉમટી પડયા હતાં.

મેઘરાજાની મહેર કચ્છની ધરતી પર થતાં પ્રાયઃ સર્વે ગામોમાં વરસતાં વરસાદે દરેક મહાત્મા સાધુ-સાધ્વીજી ભગવંતોના પ્રવેશ થયાં. વરસાદી વાતાવરણમાં પણ ૧૨૫થી અધિક શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિતિમાં પૂજ્યશ્રીનો શ્રી સુથરી મહાતીર્થે પ્રવેશ થયો.

પૂજયશ્રી દ્વારા માંગલિક પ્રવચન, સૂત્ર ચડાવા લેવામાં આવ્યા હતા. પધારેલ દરેક ભાગ્યશાળી શ્રાવક-શ્રાવિકાઓનું **રૂા. ૨૫૦/-નું શ્રી સંઘપૂજન** કરવાનો લાભ ટ્રસ્ટીઓ, **HRD** સમિતિના સભ્યો તથા ગ્રામજનોએ લીધેલ. પૂજ્યશ્રીએ માંગલિક ફરમાવતી વખતે શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાનો વાસક્ષેપ પૂજા અનુષ્ઠાન **અષાઢ સુદ-૧૫ (પૂનમ)**થી ભાદરવા સુદ-૬ (છઠ) સુધી સંગીત-સૂરનાદ સાથે કરવાનો વિચાર પ્રદર્શિત કરતાં **રૂા. ૫૦૧/-**નો નકરો નિર્ધારિત કરવામાં આવેલ. જોત-જોતામાં દાતાશ્રીઓ તરફથી **૫૨ દિવસના** નકરાઓ પણ જાહેર થઇ ગયા. દરરોજ ચડાવો લેવાનું પણ નક્કી થતાં દાદાની અસિમ કૃપાએ શરૂઆતથી અંત સુધી આરાધકો, ગ્રામજનો, પધારેલ ભાવિકો અતિ ઉત્સાહે ચડાવામાં સહભાગી થયા.

ચાતુર્માસ એટલે તપ-જપ-વિશિષ્ટ આરાધના દ્વારા કર્મ નિર્જરા કરી પુણ્ય ઉપાર્જન કરવાનો ધોરી માર્ગ (હાઇવે) શ્રી સુથરી તીર્થે આરાધકો દ્વારા કરાયેલ **વિવિધ તપસ્યાઓ** તેમજ

**તપસ્વીઓની નામાવલી:**

**માસક્ષમણ (૩૨ ઉપવાસ):**
શ્રી ચીમનલાલ નાગશી મોમાયા (ડુમરા-હુબલી)

**૧૬-ઉપવાસ:**
શ્રીમતી તારાબેન મહેન્દ્ર પીર

**૧૧-ઉપવાસ:**
શ્રી હરેશ ખીમજી મોમાયા

**૯-ઉપવાસ:**
૧) પૂજા લલિત ડાઘા
૨) મૈત્રી લલિત ડાઘા

**અઠ્ઠાઇ સાથે ૪૫ દિવસના એકાસણા:**
૧) તુષાર નરશી છેડા
૨) જયાબેન તુષાર છેડા
૩) ભારતી દિલીપ ધુલ્લા
૪) વાસંતી મણીલાલ મોમાયા

**અઠ્ઠાઇ તપ:**
૧) પારૂલ લિતિન મોમાયા (વરસીતપ)
૨) ચિરાગ જયેશ લોડાયા
૩) ખીમજી પદમશી સાયલા
૪) રંજનબેન નારાણજી સોની
૫) નયનાબેન ગુલાબ છેડા
૬) ધ્વનિ પ્રીયેશ પીર
૭) મનીષા હરેશ મોમાયા

**અઠ્ઠમ/છઠ્ઠ તપ:**
૧) નીપેશ લખમશી ખોના
૨) પિયુષ દિનેશચંદ્ર સાયલા
૩) જયેશ નારાણજી ધરમશી
૪) કુણાલ હેમેન્દ્ર મોમાયા
૫) મહેન્દ્ર પદમશી પીર
૬) વૃષભ કેસરસિંહ ધરમશી

કોઇપણ કાર્યને સફળતા અપાવવા વ્યવસ્થાપકો, શ્રી સંઘ વહીવટકારો (સંચાલકો), ટ્રસ્ટીશ્રીઓને ધન-રાશીની જરૂર અવશ્ય પડે જ! વહીવટકારો દ્વારા શ્રેષ્ઠિવર્યોને સંપર્ક

કરાતાં લાભાર્થી પરિવારોએ પુણ્યથી ઉપાર્જન કરેલી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાનો અવસર તરત ઝડપી લીધો:

## ચાતુર્માસ મુખ્ય લાભાર્થી પરિવારો:

**૧) માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી**

**૨) માતુશ્રી બાંયાબાઇ નરશી ભોજરાજ છેડા**

**૩) માતુશ્રી વિજયાબાઇ વેરશી માંયા મોતા**

**૪) માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની**

## ચાતુર્માસ સહયોગી લાભાર્થી પરિવારો:

દરેક ગામવાસી શ્રાવક-શ્રાવિકાઓને લાભ મળે તે માટે **આના** ફોડ નક્કી કરાતાં ચાતુર્માસ ફાળા માટે નામ નોંધાવનાર ભાગ્યશાળી પરિવારો:

**૬૧ આની-** શ્રી સતીશ શામજી હંસરાજ ધરમશી

**૨૧ આની-**

માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી સાયલા તથા
માતુશ્રી ભારતીબેન રમેશચંદ્ર મૈશેરી (સિંધોડી)

**૨૦ આની-** માતુશ્રી ભમલબાઇ પદમશી પીર
હસ્તેઃ તારાબેન મહેન્દ્ર પીરની તપ પૂર્ણાહુતિ નિમિત્તે

**૧૧ આની-**

૧) માતુશ્રી જવેરીબાઇ શામજી દંડ
૨) શ્રી અંબે માં ખોના પરિવાર હસ્તેઃ શ્રી રાજેન્દ્ર ખોના
૩) કુ. લિસા તથા શ્રીમતી હેમાંગી વિપિન ખોનાની અઠ્ઠાઇ તપ નિમિતે

**૫ આની-**

૧) માતુશ્રી વિજયાબાઇ વેરશી મોતા
૨) માતુશ્રી હીરાબાઇ હંસરાજ મોમાયા
૩) માતુશ્રી જમકુબાઇ પદમશી લોડાયા
૪) માતુશ્રી ભમલબાઈ પદમશી પીર
૫) વીણાબેન વસંત પીરની તપ પૂર્ણાહુતિ નિમિતે
૬) શ્રી કીર્તિભાઇ ધનજી ધરમશી (બેંગલોર)
૭) માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ લાપસિયા (નાંદેડ)
૮) માતુશ્રી લીનાબેન હેમેન્દ્ર મોમાયા
૯) માતુશ્રી કસ્તુરીબાઇ શિવજી ખોનાની ૫મી પુણ્યતિથી નિમિત્તે હસ્તેઃ દિનેશ શિવજી ખોના
૧૦) માતુશ્રી સોનબાઇ કલ્યાણજી ધરમશી
૧૧) માતુશ્રી કુંવરબાઇ લક્ષ્મીચંદ ધરમશી
૧૨) માતુશ્રી ધનબાઇ નરશી છેડા પરિવાર
૧૩) માતુશ્રી મમીબાઇ કુંવરજી નરશી દંડ
૧૪) માતુશ્રી નલીનીબેન કુંવરજી ખોના

**૩ આની-**

૧) માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા
હસ્તેઃ અંતરા ધૈર્ય લોડાયા
૨) માતુશ્રી મધુરીબાઇ મણીલાલ ખોના
હસ્તેઃ યેશા, જયમાલા દિલીપ ખોના
૩) પ્રવિણાબેન અશ્વિન શાહ
હસ્તેઃ હિરલ પિંકલ શાહ
૪) કિરણજી સુભાષ ભાખરી
૫) શ્રીમતી જસ્માબેન કિશોર છેડા
૬) માતુશ્રી સુશીલાબેન વિશનજી કુંવરજી પોલડિયા

**૨ આની-**

૧) સુનાલી રૂપેશ નાગડા
૨) માતુશ્રી કુંવરબાઇ વિસનજી મોતા
૩) શ્રી ખીમજી નરશી મોતા
૪) નીલાબેન પ્રશાંત ખોના
૫) નીતિન ચંદનબેન પદમશી મોતા (નલિયા)
હસ્તેઃ શીલાબેન શાંતિલાલ
૬) માતુશ્રી રમીલાબેન પદમશી ધરમશી
૭) માતુશ્રી કુંવરબાઇ ઉમરશી છેડા

**૧ આની-**

૧) શ્રી પ્રમોદ સોમચંદ ખોના (મુલુંડ)
૨) વાસંતીબેન મણીલાલ મોમાયા
૩) શ્રી શ્રેયાંશ ડોલર વીકમસી (જખૌ)
૪) માતુશ્રી લક્ષ્મીબેન નારાણજી ધરમશી (ધુલિયા)
૫) માતુશ્રી ખેતબાઇ લાલજી સોની
૬) શ્રી પદમશી વિસનજી ધરમશી
૭) ઇંદિરાબેન પદમશી ધરમશી
૮) શ્રી પ્રતાપભાઇ પદમશી ધરમશી
૯) સરોજબેન રાજેન્દ્ર ખોના
૧૦) માતુશ્રી હીરબાઇ લાલજી ધરમશી
૧૧) પ્રિયાંશી પ્રશાંત ખોના
૧૨) આદિરાજ રૂપેશ નાગડા
૧૩) માતુશ્રી નવલબાઇ વીરચંદ દંડ (છાદુરા-સુરત)
૧૪) નિરૂપમાબેન હિરેન નાગડા
૧૫) માતુશ્રી પ્રેમિલાબેન ચંદુલાલ લોડાયા
૧૬) ચંદુલાલ શામજી લોડાયા
૧૭) લક્ષ્મીચંદ શામજી લોડાયા
૧૮) નિપુણ ભાવેશ મૈશેરી
૧૯) નિધિ ભાવેશ મૈશેરી
૨૦) ચિરાયુ અમર લોડાયા
૨૧) પલાંશ અમર લોડાયા
૨૨) વૃષભ જયમન ખોના હસ્તેઃ હંસકુમાર દંડ
૨૩) માતુશ્રી રતનબેન ખીમજી પટેલ
૨૪) અનિલ વિસનજી છેડા
૨૫) રંજનાબેન નારાણજી સોની
૨૬) ચંદ્રિકા જવેરચંદ પોલડિયા (બાયઠ)
૨૭) માતુશ્રી નવલબેન રતનશી લોડાયા

**આની સિવાયનો ફાળો-**

રૂ. ૧૧૦૦/- કારાણી પરિવાર હસ્તેઃ ઓમ, જીવાંશ અને

કેવિન કારાણી

પર્યુષણ મહાપર્વ તથા ચાતુર્માસ આરાધના કરવા આવનાર આરાધકોને **આવવા-જવાની રેલ્વેની સ્લીપર ક્લાસ ટિકિટના** લાભાર્થી પરિવાર:

**માતુશ્રી કુંવરબાઇ વિશનજી માંયા મોતા** અને
**માતુશ્રી વિજયાબાઇ વેરશી માંયા મોતા**

ચાતુર્માસ પ્રારંભથી, પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની પૂર્ણાહૂતિ સુધી **વાસક્ષેપ પૂજા અનુષ્ઠાન માટે સંગીતકાર શ્રી રણજીતભાઇ સહ સાથી કલાકારોના મહેનતાણાના લાભાર્થી પરિવાર:**

**માતુશ્રી તેજબાઇ વિશનજી ઘેલાભાઇ છેડા**
હસ્તે **અ.સૌ. નયનાબેન ગુલાબભાઇ છેડા** તથા
**અ.સૌ. ઇંદીરાબેન લહેરચંદ છેડા**

**પર્યુષણ મહાપર્વ દરમ્યાન ૧૪ મહાસ્વપ્નોની ઘૃતઉછામણીના લાભાર્થી પરિવારો:**

**મોક્ષની બારી ખોલનાર લાભાર્થી:**
માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી

**૧૪ સ્વપ્ન ઝુલાવવાનો લાભ:**
માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી

**સ્વપ્ન પાટ ઉપર પધરાવનાર લાભાર્થી પરિવારો:**
**ગજરાજ**- શ્રી રતનશી ખીંયશી ખોના
**વૃષભ**- માતુશ્રી તેજબાઇ વિસનજી છેડા
**કેસરી સિંહ**- શ્રી રતનશી ખીંયશી ખોના
**લક્ષ્મી**- માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી સાયલા
**ફૂલની માળા**- માતુશ્રી વિજયાબાઇ વેરશી માંયા મોતા
હસ્તે: સ્નેહાબેન અશોક મોતા
**ચંદ્ર**- શ્રીમતી અંજનાબેન પ્રતાપભાઇ પદમશી ધરમશી
**સૂર્ય**- માતુશ્રી કુંવરબાઇ વિસનજી માંયા મોતા
પ્રેરણા: પ.પૂ.સાધ્વી હર્ષનિધીશ્રીજી મ.સા.તથા
પ.પૂ.સાધ્વી શ્રેયસ્કરાશ્રીજી મ.સા.
**ધ્વજ**- માતુશ્રી ભમલબાઇ પદમશી પુંજાભાઇ પીર
હસ્તે: તારાબાઇ મહેન્દ્ર પીર
**કળશ**- માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની
**પદ્મ સરોવર**- પ.પૂ.મુનિરાજશ્રી મુક્તિરત્નસાગરજી મ સા.ની નિશ્રામાં ચાલતી તપસ્યા નિમિતે
માતુશ્રી તેજબાઇ વિસનજી ઘેલાભાઇ છેડા
**વહાણ**- માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી
**દેવ વિમાન**- શ્રી રતનશી ખીંયશી ખોના
**રત્નની રાશી**- સ્વ. ભારતીબેન રમેશ ઉમરશી મૈશેરી (મોટી સીંધોડી) હસ્તે: આદિતી જેશલ દિનેશચંદ્ર સાયલા
**અગ્નિ શિખા**- માતુશ્રી બાંયાબાઇ નરશી ભોજરાજ છેડા

**પારણું પધરાવનાર લાભાર્થી-**
માતુશ્રી વિજયાબેન શીવજી જીવરાજ કારાણી

**પારણું ઝુલાવનાર લાભાર્થી-**
માતુશ્રી મીઠીબાઇ રાયમલ નાગશી મોમાયા

**શાલિભદ્ર પેટી ઘરે પધરાવનાર લાભાર્થી-**
માતુશ્રી ભમલબાઇ પદમશી પૂંજાભાઇ પીર
હસ્તે: તારાબેન મહેન્દ્ર પીર

**શ્રી કલ્પસૂત્ર પોથી ઘરે પધરાવનાર લાભાર્થી પરિવાર:**
માતુશ્રી ઝવેરીબાઇ શામજી ખીંયશી દંડ

**શ્રી કલ્પસૂત્ર પોથી પૂજ્યશ્રીને વહોરાવનાર લાભાર્થી:**
માતુશ્રી તેજબાઇ વિશનજી ઘેલાભાઇ છેડા

**બારસાસૂત્ર પૂજ્યશ્રીને વહોરાવવાના લાભાર્થી પરિવાર:**
માતુશ્રી તેજબાઇ વિશનજી ઘેલાભાઇ છેડા

**પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન વિશેષ અનુમોદના:**

પર્યુષણ પર્વ દરમ્યાન તા. ૨૪-૦૮-૨૦૨૨ થી તા. ૦૧-૦૯-૨૦૨૨ દરમ્યાન ૯ દિવસ દરરોજ વિવિધ લાભ લેનાર લાભાર્થી પરિવારો:

**મીઠી રાબ:**
૧) માતુશ્રી કસ્તુરીબાઇ જીવરાજ હીરજી ધરમશી
૨) શ્રી અંબે મા ધરમશી પરિવાર
૩) માતુશ્રી સોનબાઇ કુંવરજી ખીમજી દંડ

**આંગી, પક્ષી ચણ અને કૂતરાને રોટલા:**
માતુશ્રી કસ્તુરીબાઇ જીવરાજ હીરજી ધરમશી

**સંગીતસંધ્યા બાદ આરતી-મંગલ દીવો:**
નવે દિવસ ઉછળતા ભાવે ઉછામણી દ્વારા લાભ લેનાર લાભાર્થી પરિવાર
માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી સાયલા

**ચાતુર્માસ પ્રારંભથી પર્યુષણ પર્વ સુધી નિત્ય સાંજના પ્રતિક્રમણમાં રૂા. ૧૦/-ની પ્રભાવના:**
માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ કાનજી ધુલ્લા

**ચાતુર્માસ પ્રારંભથી પર્યુષણ પર્વ સુધી નિત્ય બપોરે જાપમાં રૂા. ૧૦/-ની પ્રભાવના:**
માતુશ્રી ઉર્મિલાબેન જવેરચંદ ધરમશી તથા
તેજલબેન હિતેન ધરમશી (સંયુક્તપણે)

પૂજ્યશ્રી દ્વારા **શ્રી ચક્રેશ્વરી દેવી** તથા **શ્રી મહાકાળી માતાજીને** પર્યુષણ પર્વ દરમ્યાન રોજ **ચૂંદડી ચડાવવાનો** પ્રસ્તાવ રજૂ કરાતાં નકરા સ્વરૂપે રૂા. ૫,૦૦૧/- નક્કી થતાં પ્રસ્તાવને સહર્ષ વધાવી લેવામાં આવેલ. **ઉછામણી દ્વારા માતાજીને ચૂંદડી પહેરાવનાર લાભાર્થી પરિવારો:**

૨૪/૦૮: સ્વ. સરિતાબેન બિપીનભાઇ નરશી છેડા
૨૫/૦૮: માતુશ્રી ધનબાઇ ઉમરશી રામૈયા ધરમશી
૨૬/૦૮: માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ લાપસિયા (નાંદેડ)
૨૭/૦૮/૨૦૨૨:
કારાણી પરિવાર હસ્તે: ઓમ, જીવાંશ, કેવિન કારાણી

૨૮/૦૮/૨૦૨૨:
માતુશ્રી કુંવરબાઇ વિસનજી માંયા મોતા તથા
માતુશ્રી હીરાબાઇ હંસરાજ નરશી મોમાયા
૨૯/૦૮/૨૦૨૨
કારાણી પરિવાર, ઓમ, જીવાંશ, કેવિન કારાણી
હસ્તે: માતુશ્રી મણિબાઇ શીવજી કારાણી
૩૦/૦૮/૨૦૨૨
માતુશ્રી હીરાબાઇ હંસરાજ નરશી મોમાયા અને
માતુશ્રી વિજયબાઇ વેરશી માંયા મોતા
૩૧/૦૮/૨૦૨૨
શ્રી વિસનજી ઘેલાભાઇ છેડાની પૌત્રીઓ
માનશી, સેજલ, દર્શના
૦૧/૦૯/૨૦૨૨
માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી આસારિયા સાયલા
૦૩/૦૯/૨૦૨૨ માતુશ્રી મીઠીબાઇ મણીલાલ ખોના
હસ્તે: સરોજબેન રાજેન્દ્ર ખોના

**પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવારો:**

**શ્રાવણ વદ-૧૩, બુધવાર, તા. ૨૪.૦૮.૨૦૨૨**
**નવકારશી, બપોરનું ભોજન અને ચૌવિહાર ભક્તિ:**
**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર**

**શ્રાવણ વદ-૧૪, ગુરૂવાર, તા. ૨૫.૦૮.૨૦૨૨**
**નવકારશી:** શ્રી સુથરી જૈન સંઘ
**બપોરનું ભોજન:** શ્રી શામજી મુલજી ખોના
હસ્તે: વિપીન શામજી ખોના
**ચૌવિહાર:** માતુશ્રી જવેરીબાઇ શામજી ખીંયશી દંડ

**શ્રાવણ વદ-૩૦, શુક્રવાર, તા. ૨૬.૦૮.૨૦૨૨**
**નવકારશી:** માતુશ્રી લક્ષ્મીબાઇ પુનશી ધરમશી
**બપોરનું ભોજન:** શ્રી ભવાનજી નરશી છેડાના સુપુત્રીઓ તથા પ્રપૌત્રીઓ
**ચૌવિહાર:** માતુશ્રી તેજબાઇ વિશનજી છેડા

**ભાદરવા સુદ-૧, શનિવાર, તા. ૨૭.૦૮.૨૦૨૨**
**નવકારશી:** માતુશ્રી ગુણવંતીબેન દેવશી ધુલ્લા
હસ્તે: પ્રજ્ઞાબેન વિજયભાઇ ધુલ્લા
**બપોરનું ભોજન:** માતુશ્રી લીલાવંતીબેન લક્ષ્મીચંદ લોડાયા (મંજલીયા)
**ચૌવિહાર:** શ્રી સુથરી જૈન સંઘ

**ભાદરવા સુદ-૨, રવિવાર, તા. ૨૮.૦૮.૨૦૨૨**
**નવકારશી:** માતુશ્રી કસ્તુરીબેન નવીનચંદ લોડાયા
હસ્તે: શ્રી યોગેશ નવીનચંદ લોડાયા (ખરગોન)
**બપોરનું ભોજન:** શ્રી જેઠાલાલ વિશનજી માંયા મોતા
**ચૌવિહાર:** માતુશ્રી કસ્તુરીબેન નવીનચંદ લોડાયા
હસ્તે: શ્રી યોગેશ નવીનચંદ લોડાયા (ખરગોન)

**ભાદરવા સુદ-૩, સોમવાર, તા. ૨૯.૦૮.૨૦૨૨**
**નવકારશી:** શ્રી સુથરી જૈન સંઘ
**બપોરનું ભોજન:** માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ ધુલ્લાની ૫મી પુણ્યતિથી નિમિત્તે હસ્તે: શ્રી રાયચંદ કાનજી ધુલ્લા
**ચૌવિહાર:** માતુશ્રી ભમલબેન પદમશી પૂંજા પીર

**ભાદરવા સુદ-૪, મંગળવાર, તા. ૩૦.૦૮.૨૦૨૨**
**નવકારશી:** માતુશ્રી ધનબાઇ ઉમરશી રામૈયા ધરમશી
હસ્તે: નીલાબેન હીરાચંદ તથા શીલાબેન શાંતિલાલ
**બપોરનું ભોજન:** શ્રી રતનશી ખીંયશી ખોના
હસ્તે: શ્રી જયતિલક ખોના
**ચૌવિહાર:** માતુશ્રી વિજયાબાઇ શીવજી કારાણી

**ભાદરવા સુદ-૫, બુધવાર, તા. ૩૧.૦૮.૨૦૨૨**
**નવકારશી:** માતુશ્રી લીનાબેન હેમેન્દ્ર મોમાયા
**બપોરનું ભોજન:** માતુશ્રી મીઠીબાઇ રાયમલ નાગશી મોમાયા
**ચૌવિહાર:** --

**ભાદરવા સુદ-૬, ગુરૂવાર, તા. ૦૧.૦૯.૨૦૨૨**
**નવકારશી:** માતુશ્રી લક્ષ્મીબેન નરશી નાગડા
હસ્તે: હિમાંશુ પ્રદીપ નાગડા
**બપોરનું ભોજન:** માતુશ્રી ગંગાબાઇ ધનજી ચાંપશી હેફા
**ચૌવિહાર:** માતુશ્રી સોનબાઇ કુંવરજી ખીમજી દંડ

**પર્યુષણ મહાપર્વે ભાદરવા સુદ-૧ના પૂજ્યશ્રીના ગુરૂપૂજનના લાભાર્થી પરિવાર:**
કારાણી પરિવાર હસ્તે: ઓમ, જીવાંશ, કેવિન કારાણી

**પર્યુષણ મહાપર્વે ભાદરવા સુદ-૫ના પૂજ્યશ્રીના ગુરૂપૂજનના લાભાર્થી પરિવાર:**
માતુશ્રી વિજયાબાઇ વેરશી માંયા મોતા
માતુશ્રી કુંવરબાઇ વિશનજી માંયા મોતા તથા
માતુશ્રી હીરાબાઇ હંસરાજ નરશી મોમાયા

પર્યુષણ પર્વ બાદ સ્થાનિકે **શાશ્વત આયંબિલ ઓળીનું** આયોજન **પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.** તથા તપસ્વીરત્ના **પ.પૂ.સાધ્વી શ્રી મહાયશાશ્રીજી મ.સા.**ની નિશ્રામાં થશે.

**તા. ૦૧.૧૦.૨૦૨૨, શનિવાર થી તા. ૦૯.૧૦. ૨૦૨૨, રવિવાર દરમ્યાન આયંબિલ ઓળીના લાભાર્થી પરિવાર:**
**માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી આસારીયા સાયલા**
આરાધકોને શ્રી સુથરી મહાતીર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ.

**વિવિધ અનુષ્ઠાનો:**
**શ્રી ચંદ્રકાંત દેઢિયા અને સાથી કલાકારોના સથવારે**
રવિવાર, તા. ૦૪.૦૯.૨૦૨૨
**શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાનું પૂજનના** લાભાર્થી:
**માતુશ્રી હીરાબાઇ હંસરાજ નરશી મોમાયા**

શનિવાર, તા. ૦૧.૧૦.૨૦૨૨
**શ્રી મહાકાળી માતાજી પૂજન**
લાભાર્થી પરિવાર: HRD સમિતિના સભ્યો
શનિવાર, તા. ૦૫.૧૧.૨૦૨૨
**શ્રી નમિઉણ પૂજન**
લાભાર્થી પરિવાર: **અંબે માં ધરમશી પરિવાર**
રવિવાર, તા. ૦૬.૧૧.૨૦૨૨
**શ્રી ઋષિમંડળ પૂજન**
લાભાર્થી પરિવાર: **માતુશ્રી ભમલબાઇ પદમશી પૂંજાભાઇ પીર હસ્તે: તારાબેન મહેન્દ્ર પીર (ડોંબિવલી)**

**જીવદયા ફાળો:**

રૂા. ૫૦૦૦૦૦/-
શ્રી ચીમનલાલ જીવરાજ કારાણી
હસ્તે: શ્રી દીપક રાયચંદ કારાણી (મુલુંડ)
રૂા. ૧૦૦૦૦૦/-
શ્રી ચીમનલાલ જીવરાજ કારાણી
હસ્તે: શ્રી ભરત શીવજી કારાણી (ગદગ)
રૂા. ૭૨૦૦૦/-
માતુશ્રી જમકુબાઇ પદમશી લોડાયા
હસ્તે: હીરાલક્ષ્મી ભવાનજી લોડાયા
રૂા. ૫૧૦૦૦/-
૧) માતુશ્રી વિજયાબાઇ વેરશી માંયા મોતા
હસ્તે: સ્નેહાબેન અશોક મોતા
૨) માતુશ્રી જમકુબાઇ પદમશી લોડાયા
હસ્તે: શ્રી ભવાનજી પદમશી (૫૦ ગુણી ભૂસો)
રૂા. ૨૫૦૦૦/- રાજગોર મહેન્દ્રકુમાર
રૂા. ૧૧૧૧૧/-
૧) સુમનલાલ શીવજી લોડાયા (કોઠારા)
હસ્તે: હીરાબાઇ હંસરાજ મોમાયા
૨) શ્રી રમેશ હીરજી લોડાયા
રૂા. ૧૧૦૦૦/-
૧) શ્રી શાંતિજિન જૈન જાગૃત્તિ ગ્રુપ-સાંધવ
૨)શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
૩) શ્રી મનિષ નવીનચંદ્ર મોતા (લાખણીયા)ના સ્મરણાર્થે
હસ્તે: કાંતાબેન નવીનચંદ્ર મોતા
૪) શ્રી લહેરચંદ રતનશી ડાઘા (ભાંડુપ)
રૂા. ૯૦૦૯/- માતુશ્રી કસ્તુરીબાઇ જીવરાજ હીરજી ધરમશી
રૂા. ૫૦૦૧/-
૧) હીરબાઇ લાલજી જેવત ધરમશી
૨) તારામતી મણિલાલ પદમશી લોડાયા
રૂા. ૫૦૦૦/-માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી લોડાયા (આરીખાણા) હસ્તે: કસ્તુરીબેન શાંતિલાલ ખોના
રૂા. ૨૫૦૧/-
૧) માતુશ્રી લક્ષ્મીબાઇ પુનશી ડોસાભાઇ
૨) માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી સાયલા
૩) કોકીલાબેન વાલજી લાલજી ધરમશી
રૂા. ૨૦૦૦/- મનમોહનસિંહ ચાવલા (ખરગોન)
માતુશ્રી સોનબાઇ કલ્યાણજી ધરમશી હસ્તે: શ્રી તારાચંદ
રૂા. ૧૫૦૧/- લક્ષ્મીચંદ લાલજી જેવત ધરમશી
રૂા. ૧૫૦૦/-
૧) માતુશ્રી લક્ષ્મીબાઇ નારાણજી ધરમશી (ધુલીયા)
૨) માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ લોડાયા (નાંદેડ)
૩) શ્રી ઉદય જયેશ ભાટે (ધુલિયા)
રૂા. ૧૦૦૧/-
૧) શ્રી શૈલેષ મણિલાલ મોમાયા (વરાડીયા)
૨) કલ્પના લધુભાઇ હેફા
૩) માતુશ્રી નવલબાઇ વીરચંદ લખમશી દંડ (છાડુરા)
૪) અમ્રિતાબેન ઉદય ખોનાની અઠ્ઠાઇ તપ નિમિત્તે
હસ્તે: ગીતાબેન રમેશ લોડાયા
૫) અંતરા ધૈર્ય લોડાયા હસ્તે: ગીતાબેન લોડાયા
રૂા. ૧૦૦૦/-
૧) મનજીતસિંહ ચાવલા (ખરગોન)
૨) રબમીતસિંહ ચાવલા (ખરગોન)
૩) દમયંતીબેન હેમરાજ પાસડ
રૂા. ૫૦૧/-
૧) સુશીલાબેન વિશનજી પોલડીયા
૨) શ્રી વિશાલ લક્ષ્મીચંદ ધરમશી
૩) દર્શના વિશાલ ધરમશી
૪) તીર્થા વિશાલ ધરમશી
૫) કૃપાલી વિશાલ ધરમશી
૬) મંજુલા હીરાચંદ દંડ
રૂા. ૨૦૧/- પદમશી કાનજી ઉડીયા
રૂા. ૧૦૦/- લક્ષ્મીબાઇ નારાણજી શાહ

શ્રી સુથરી મહાતીર્થે વિવિધ તપશ્ચર્યા કરનાર આરાધકો સ્વ ઉપાર્જિત લક્ષ્મીને વાવરીને લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી મહાપુણ્ય ઉપાર્જન કરનાર લાભાર્થી પરિવારો, શ્રેષ્ઠિવર્યો, સ્થાનિકે પધારી આરાધના કરનાર ગામવાસીઓ, જ્ઞાતિજનો આપ સર્વેનો શ્રી સુથરી જૈન સંઘના ટ્રસ્ટીગણ, વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો દ્વારા ભૂરિ-ભૂરિ અનુમોદના તથા અગામી અનુષ્ઠાનોમાં સહકુટુંબ પધારવા નિમંત્રણ પાઠવીએ છીએ. તેમજ ચાતુર્માસ અહેવાલમાં શરતચૂકથી કોઇના નામ ત્રૂટિ કે નામ લખવાના રહી ગયા હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ !

લિ. **શ્રી સુથરી જૈન સંઘ** વતી
સર્વે ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ

(રજી. નં. એ/૨૮૯૮ (મુંબઈ) તા. ૧૯/૧૧/૧૯૬૯)
ન્યુ હનુમાન બિલ્ડિંગ, ૧૧૦-બી, કેશવજી નાયક રોડ,
મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન (૦૨૨) ૨૩૭૨૯૩૦૪

## ચૂંટણી-અંગેની-જાહેરાત

ઉપરોક્ત સંસ્થાની સવંત ૨૦૭૯ થી ૨૦૮૧ સુધીના ત્રણ વર્ષ માટે સંસ્થાની બંધારણ અનુસાર ૧૪ ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના ૧૯ સભ્યોની ચૂંટણી

**માગસર સુદ - ૫, રવિવાર, તા. ૨૭.૧૧.૨૦૨૨**

ના સવારે ૧૦ થી ૫ સમય દરમ્યાન કરવામાં આવશે.

## ચૂંટણી-અંગે-કાર્યક્રમ

- ઉમેદવારી પત્રક આપવાનો પ્રારંભ આસો વદ-૧, સોમવાર, તા. ૧૦.૧૦.૨૦૨૨
- ઉમેદવારી પત્રક ભરીને પાછો આપવાનો છેલ્લો દિવસ કારતક સુદ-૨, ગુરૂવાર, તા. ૨૬.૧૦.૨૦૨૨ સાંજે ૫ વાગ્યા સુધી
- ઉમેદવારી પાછી ખેંચવાનો છેલ્લો દિવસ કારતક વદ-૪ શુક્રવાર, તા. ૧૧.૧૧.૨૦૨૨ સાંજે ૫ વાગ્યા સુધી.
- ચૂંટણીનું પરિણામ ચૂંટણીના દિવસે જ ચૂંટણી પત્યા બાદ મત ગણતરી કરી જાહેર કરવામાં આવશે.

તા.ક. સંસ્થાના બંધારણ અનુસાર સામાન્ય સભ્યો સિવાય તમામ શ્રેણીમાં તા. 03.૧૦.૨૦૨૨ સુધી નોંધાયેલ સભ્યો જ ટ્રસ્ટી તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ભાગ લઈ શકશે તથા મતદાન કરી શકશે. જે સભ્યોના સરનામા તથા ફોન નંબર બદલાયા હોય તેમણે સંસ્થામાં જાણ કરવા વિનંતી. કાર્યાલય સમય ૧૨ થી ૫.

તા.ક. : ચૂંટણીના સ્થળની માહિતી આગામી જાહેર ખબરમાં આપવામાં આવશે. જેની નોંધ લેશો.

લિ. ચૂંટણી સમિતિ વતી

સોલીસીટર શ્રી હરખચંદભાઈ કુંવરજી ગડા (બાડા)
CA શ્રી નવીનભાઈ પ્રેમજી દેઢીયા (ગઢસીસા)
શ્રી ડોલર પ્રતાપ શાહ (લોડાયા) (સુથરી)

(CLB-11815) K.V.O. - P - 8104209392

---

## તમારી જુની સાચી જરી સારા ભાવે વેચવા અમારૂં ભાવભર્યું આમંત્રણ

● તમારી જુની સાચી જરીની સાડી ● જુના સાચી જરીનાં ચણીયા-ચોળી ● સાચી જરીના ઘરચોળા ● સાચી જરીની બોર્ડર તથા બ્લાઉઝ ● સાચી જરીના સેલા ● સાચી જરીની બટકસબની સાડી, ચણીયા-ચોળી, બોર્ડર ● સાચી જરીની આરીવર્કની સાડી તથા ચણીયા ચોળી.

**Best value of your old Items**

બીજે ક્યાંય જતાં પહેલા એકવાર અવશ્ય મુલાકાત લો.
રોકડા પૈસા આપવામાં આવશે.

: ખાસ નોંધ :
ઘર બેઠા તમારી જુની સાચી જરીનાં પૈસા મેળવો. તમારા ઘરે આવીને તમારી જુની Item ની Value પ્રમાણે પૈસા આપીશું.

(ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવા માટે હાજર રહીશું.)

# Mahavir Sarees

મોદી ચાલ, શોપ નં.૨, સીઝન્સ શો રૂમની સામે,
સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
મો.: ૯૬૧૯૫ ૫૪૮૦૧ / ૯૧૩૭૧ ૪૬૨૭૨

**SUNDAY OPEN TILL DIWALI**

---

# શ્રી મહાવીર એમ્બ્રોયડરી

માટુંગા

## હેવી ડીસ્કાઉન્ટ સેલ–સેલ–સેલ

| | |
|---|---|
| • હાથભરતની ભારે ફેન્સી સાડીઓ અને પારસી ગારા - દુપટ્ટા | ૩૦-૪૦% |
| • મશીન ભરતની ભારે પારસી ગારા | ૨૦% |
| • દુપટ્ટા-સ્ટોલ-કુરતા મટીરીયલ | ૨૦% |
| • પારસી ભરતના ચણીયા-ચોલી | ૨૦% |
| • પ્લેઈન સાડી મટીરીયલ | ૨૦% |
| • ઓલ્ટરેશન મજુરી ઉપર | ૨૦% |
| • દરેક પ્રકારનું ભરતકામ ઓર્ડરથી બનાવીને મજુરી ઉપર | ૨૦% |
| • ફેન્સી બ્લા. ઓર્ડરથી મજુરી ઉપર | ૨૦% |
| • કસબ-બટ કસબની સાડીઓ, ચ.ચોલી. | |
| • ફક્ત ઓર્ડરથી બનાવીને મજુરી ઉપર | ૩૦% |
| • સેમ્પલ સાડીમાં ૫૦% ડીસ્કાઉન્ટ | |

સેલ પીરીયડ : સોમવાર ૨૬.૯.૨૨ થી મંગળ ૨૫.૧૦.૨૨
(દિવાળી સુધી દરરોજ)

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં,
ફુલ ગલ્લીની સામે, માટુંગા સે.રે.
ટે.: ૨૪૦૨૫૦૭૦/૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦

---

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ||

**કૃણાલ : ૭૨૨૧૦ ૭૨૧૦૭ / ૯૩૨૪૦ ૧૭૩૪૫**

# ગાય અને ભેંસનું શુદ્ધ ઘી

## સ્વાદ લિજ્જતદાર – સુગંધ ખુશ્બુદાર

## એક વાર ખાશો તો માંગશો વારંવાર

વિરમગામનાં પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું શુધ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

એક કિલો
પાંચ કિલો અને
પંદર કિલોમાં
ઉપલબ્ધ

ફ્રી હોમ ડિલીવરી

**હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ**

આરોગ્ય પ્રકાશ

# શું મલ્ટીવિટામીનની ગોળી નુકશાન કરે?

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



ઘણાને લાગતું હશે કે મલ્ટીવિટામીનની ગોળી લેવામાં શું વાંધો છે, એ તો સારી જ ને... પણ ના, સાવ એવું નથી. મલ્ટીવિટામીનની ગોળીની જરૂર સાધારણ માણસને નથી હોતી. જેઓ બિમારીના કારણે સરખું ખાઈ શકતા ન હોય અથવા બિમારીથી બહુ પીડિત હોય તેઓ લઈ શકે. ટી.બી., કેન્સર, એઈડ્ઝ જેવી ગંભીર બિમારીમાં મલ્ટીવિટામીનની ગોળી લઈ શકાય પણ એના બદલે વિટામીન, મીનરલ્સથી ભરપૂર પૌષ્ટીક ખોરાક લેવું વધુ સલાહભર્યું છે.

હાલમાં 'ઈન્ટરનેશનલ જર્નલ ઓફ એપીડીમિઓલોજી' માં પ્રગટ થયેલા એક લેખમાં જણાવ્યું છે કે મલ્ટીવિટામીનની ગોળીઓથી આરોગ્યને લાભ નથી થતો પણ ઉલ્ટાનું નુકશાન થાય છે. અગાઉ એવું કહેવામાં આવતું હતું કે અલ્ઝાઈમર, હાર્ટએટેક, બ્રેઈનસ્ટ્રોક વગેરે ગંભીર પ્રકારની બિમારીથી બચવામાં મલ્ટીવિટામીનની ગોળીઓ કામ કરે છે. પણ હાલમાં જણાયું છે કે તેનો આવો કોઈ ફાયદો થતો નથી.

નૈન્સી યુનિવર્સિટીના નિષ્ણાંતોએ ફ્રાન્સમાં છ વર્ષ સુધી ૧૧૨ બિમાર વ્યક્તિઓને દરરોજ મલ્ટીવિટામીનની ગોળીઓ આપી, એમણે જોયું કે મલ્ટીવિટામીનની ગોળીઓની ખરાબ અસર તરત જ નહીં પણ છ-સાત વર્ષે શરૂ થઈ એટલે દર્દીને કે ડૉક્ટરને મલ્ટીવિટામીનની ગોળીની ખરાબ અસર પર ધ્યાન જ નથી દોરાયું

આ વર્ષે અમેરિકામાં બુઝર્ગ મહિલાઓ પર કરાયેલા સંશોધન પરથી જણાયું કે વૃદ્ધાવસ્થામાં મલ્ટીવિટામીનની ગોળીઓ અને મિનરલ પાણી લેવાથી મરણનું જોખમ વધી જાય છે. યુનિવર્સિટી ઓફ ઈસ્ટ ફિનલેન્ડ અને યુનિવર્સિટી ઓફ મીનેસોટાએ કરેલા આ પ્રયોગમાં ૩૮૭૭૮ મહિલાઓ પર આ સંશોધન થયેલું એમાં એ પણ જાણવા મળ્યું કે આયર્ન, મેગ્નેશ્યમ, ફોલિક એસિડ, મલ્ટીવિટામીન, ઝીન્ક અને કોપરની ટેબલેટો પણ મોતનું જોખમ વધારનારી છે.

